।। શ્રીવલ્લભ ।।



શ્રી ભાગવત
અને
પુષ્ટિમાર્ગ

લેખન અને સંકલન

ડૉ. પીયૂષ પરીખ

(M.B;B.S.)

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ભરૂચ શાખા

સ્થાપના વર્ષ : ૧૯૮૧

પ્રમુખ : પ.ભ. શ્રી ભરતભાઈ શેઠ
૬૧, ભૃગુપુર સોસાયટી,
કસક, ભરૂચ.
(મો.) ૯૮૨૪૧ ૭૬૭૫૦
E-mail : mail@venfrik.com

માનદ્ મંત્રી: પ.ભ. ડૉ. કલ્પેશ એમ. શાહ
સી-૭૭, આશ્રય સોસાયટી,
નર્મદા એલ્યુમિનીયમ ફેક્ટરી પાસે,
નંદેલાવ રોડ, ભોલાવ, ભરૂચ. મો.: ૯૪૨૬૮ ૯૨૧૬૦
E-mail : drkalpeshmshah220305@gmail.com

શુભેચ્છા પત્ર

શ્રીવલ્લભકુળના કૃપાપાત્ર શ્રી પીયૂષભાઈ,

શ્રી ભાગવતના પરમ અભ્યાસુ એવા આપના દ્વારા શ્રી ભાગવત અને પુષ્ટિમાર્ગનું સંકલન કરી પુસ્તિકા સ્વરૂપે આપના દિક્ષાગુરુના પ્રખર પુત્ર રત્ન તૃતિય ગૃહાધીશ ગો.શ્રી વ્રજેશકુમારજી મહારાજશ્રીના મંગલ પ્રાગટ્ય દિને આપશ્રીને અર્પણ કરી રહ્યા છો તે અતિ આનંદની વાત છે.

આ પુસ્તિકા દ્વારા વૈષ્ણવોને ઘણો સુંદર સત્સંગ અને નાની પુસ્તિકા રૂપે દેખાતું ખુબ મોટું સાહિત્ય પ્રાપ્ત થશે.

આપ વ્યવસાયે ડૉક્ટર હોવાથી ખૂબ વ્યસ્તતામાં પણ ગૃહ સેવા, કીર્તન સેવા તથા માનવ સેવા વગેરેમાંથી સમય કાઢી વૈષ્ણવસૃષ્ટિ માટે આપના તરફથી થતી નામ સેવા ખૂબ જ સરાહનીય છે.

આપના દ્વારા વધુને વધુ સંપ્રદાયની નામ સેવા થાય. અગાઉ આપના દ્વારા લખાયેલ અને પ્રકાશિત થયેલ પુસ્તકો વૈષ્ણવસૃષ્ટિમાં જેટલી પ્રિય છે તટેલી જ આ પુસ્તિકા પણ વૈષ્ણવસૃષ્ટિને એટલી જ પ્રિય બને તેવી શુભકામના આ મંગલમય અવસરે પાઠવું છું.

શ્રીવલ્લભ આપનું સ્વાસ્થ્ય સુખમય રાખે અને દિર્ધાયુ બક્ષે જેથી વૈષ્ણવ સૃષ્ટિને આપના દ્વારા સત્સંગ અને થતી નામ સેવાનો લાભ પ્રાપ્ત થતો રહે.

ભરત સી. શેઠ
પ્રમુખ
(એ.પી.વી.પી., ભરૂચ શાખા)

પ્રાક્કથન

મારા બ્રહ્મસંબંધ દાતા ગુરુના પુત્ર રત્ન તૃતીય ગૃહાધીશ, કાંકરોલી નરેશ પરમ પૂજ્ય ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજેશકુમારજી મહારાજનો પ્રાગટ્ય દિન પોષ સુદ ૧૦ નજીક છે.

આજે માગશર વદ ૧૩ છે. તૃતીય ગૃહના સાતમા તિલકાયત શ્રી વિઠ્ઠલનાથજીનો પ્રાગટ્ય દિન છે. પ્રભુ સન્મુખ થયો. શ્રીજીબાવાએ મનોરથ માટે મને પ્રેર્યો કે કાંકરોલી નરેશશ્રીને જન્મદિને કંઈક ભેટ કર.

શું ભેટ કરવી ? શ્રીલાલને સંકેત કર્યો કે શ્રીનવનીતપ્રિયજી એ શ્રી વલ્લભના પર્યંકમાં બીરાજી પોતાની લીલાઓ લખવા આજ્ઞા કરી હતી. આથી શ્રી ભાગવતની નામસેવા આપશ્રીના જન્મદિને ભેટ કરવાનું નક્કી કર્યું.

દિવસો ઓછા હતા. લેખન કાર્ય કરવું અને છપાવવું આથી શક્ય હોતું નથી. હરિદાસ વર્ય શ્રી ગિરિરાજબાવાએ યાદ કરાવ્યું કે થોડા વર્ષ પૂર્વે ''શ્રી ભાગવત અને પુષ્ટિમાર્ગ'' વિષય પર લેખન થયું હતું. વૈષ્ણવ પરિવારમાં તે પ્રકટ પણ થયું હતું.

આ લેખને પુસ્તિકા દેહ આપી રહ્યો છું. શ્રી કાંકરોલી નરેશના ચરણ કમલોમાં સમર્પિત કરી રહ્યો છું. શ્રી દ્વારકાધીશજી આપશ્રીને દીર્ઘ અને તંદુરસ્ત જીવન અર્પે તે જ વિનંતી.

કાંકરોલી યુવરાજ ગો. શ્રી ડૉ. વાગીશકુમારજીના કર કમલો દ્વારા વિમોચન થઈ રહ્યું છે તે મારું સૌભાગ્ય છે. આપશ્રીનો ઋણી છું.

આ પુસ્તિકા અંગે મારા ભાઈ કિશોરને વાત કરી તો ભાઈ કિશોર અને તેમના ધર્મ પત્ની અ.સૌ. જ્યોતિ પરીખે આ પુસ્તિકાના પ્રાકશનમાં દ્રવ્ય સાહય માટે તત્પરતા બતાવી. આ પ્રસંગે આપ બંને ભગવદીયોનો હું આભારી છું.

- ડૉ. પીયૂષના વંદન તથા ભગવદ્ સ્મરણ

શ્રીવલ્લભ વદે છે

શ્રી સર્વનિર્ણય પ્રકરણાં શ્રી મહાપ્રભુજીએ કેટલીક આજ્ઞાઓ કરી છે. તેમાં શ્રી ભાગવત માહાત્મ્ય દર્શાવતી કારિકાઓ જોઈએ.

સર્વથા વૃત્તિહીનશ્ચેદેકં યામં હરૌ નયેત્
પઠેચ્ચ નિયમં કૃત્વા શ્રીભાગવતમાદરાત્
સર્વં સહેત પરુષં સર્વેષાં કૃષ્ણભાવનાત્ ।।૨૩૦।।

જે ભક્તિમાર્ગીય જીવ સર્વથા વૃત્તિ-આજીવિકાથી રહિત હોય તેણે એક યામ જેટલો સમય ભગત્સેવામાં વ્યતીત કરવો અને નિયમ કરીને શ્રીમદ્ભાગવતનો પાઠ આદરથી કરવો. સર્વેના સર્વ કઠોર વચનો કૃષ્ણ ભાવનાથી સહન કરવા.

અથવા સર્વદા શાસ્ત્રં શ્રીભાગવતમાદરાત્ ।
પઠનીયં પ્રત્નેન સર્વહેતુવિવર્જિતમ્ ।।૨૫૧।।
વૃત્ત્યર્થં નૈવ યુજ્જીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ ।
તદભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમાચરેત્ ।।
ત્રયાણાં યેન કેનાપિ ભજન્ કૃષ્ણમવાપ્નુયાત્ ।।૨૫૨।।

ગૃહનો સર્વાત્મબલે ત્યાગ કરવો. તે શક્ય ન હોય તો કૃષ્ણાર્થે તેનો વિનિયોગ કરવો. આ બે અધિકારો સિદ્ધ ન થાય તો શ્રીમહાપ્રભુજી અહીં તૃતીય પક્ષ કહે છે અથવા સર્વ હેતુ રહિત થઈને પ્રયત્ન કરીને શ્રીમદ્ભગાવત શાસ્ત્રનો પાઠ આદર પૂર્વક નિરંતર કરવો જોઈએ. કંઠે પ્રાણ આવે તો પણ આજીવિકાને અર્થે શ્રીમદ્ભાગવતને યોજવું નહિ. તે શ્રીમદ્ભાગતની વૃત્તિ વિના અન્ય ગમે તે કોઈ પ્રકારે નિર્વાહ ચલાવવો. આ ત્રણ પક્ષમાંથી ગમે તે કોઈ પ્રકારે પણ ભગવાન કૃષ્ણનું ભજન કરનારો જીવ કૃષ્ણને પ્રાપ્ત કરે છે.

પ્રેમ્ણોઽન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્યંપરં મહત્ ।
શ્રીભાગવતમેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્ ।।૩૨૧।।

આ લોકમાં પ્રેમ વિના અન્ય કોઈ સાધન મુખ્ય, પરમ કે મહત્ નથી. અત્ર ખરેખર શ્રીમદ્ભાગવતશાસ્ત્ર જ તે પ્રેમનું સાધન છે એવું નિશ્ચિત થાય છે. અધિકાર તથા અભિપ્રાય જાણીને ભક્તમુખદ્વારા એકવારના શ્રવણ માત્રથી જ ભગવાન કૃષ્ણમાં પ્રેમ થાય છે તેમાં સંશય નથી.

શ્રી ભાગવત અને પુષ્ટિમાર્ગ

(૧) શ્રી ભાગવતની પુષ્ટિમાર્ગમાં ઉપયોગીતા

(૨) શ્રીવલ્લભ, શ્રીભાગવત અને પુષ્ટિમાર્ગ

(૩) વાર્તા સાહિત્યમાં શ્રી ભાગવત

(૪) શ્રી વલ્લભવંશમાં શ્રી ભાગવતનું પઠન-પાઠન

(૫) શ્રી ભાગવતની પુષ્ટિ સેવામાં અનિવાર્યતા

(૬) ષોડશગ્રંથો અને શ્રી ભાગવતના બાર સ્કંધો

શ્રીવલ્લભ અને પુષ્ટિમાર્ગને સાંકળતી કડી - ''શ્રી ભાગવત'', ઉપયોગિતા - ''ઐશ્વર્ય'', શ્રીવલ્લભ દ્વારા શ્રીભાગવતમાંથી પુષ્ટિમાર્ગનું પ્રાકટ્ય તે - ''વીર્ય'', મહાનુભાવોના જીવનમાં ભાગતનો પ્રભાવ - ''યશ'', શ્રીવલ્લભવંશની શોભા શ્રીભાગવત - ''શ્રી'', પુષ્ટિસેવાનું ''જ્ઞાન'' શ્રી ભાગવતમાંથી, ષોડશગ્રંથોના આચરણ અને શ્રી ભાગવતના બાર સ્કંધોથી પુષ્ટિમાર્ગીય ''વૈરાગ્ય''.

શ્રી ભાગવતની પુષ્ટિમાર્ગમાં ઉપયોગીતા

પ.ભ. શ્રી વસંતબેન પરીખ દ્વારા શ્રીવલ્લભે પુષ્ટિમાર્ગ અને શ્રીભાગવત ઉપર લખવા મને પ્રેર્યો. પુષ્ટિમાર્ગમાં શ્રી ભાગવતની ઉપયોગીતા એકથનીય છે. અનિવર્ચનીય છે તે પૈકી થોડાકનો અહીં અંગૂલી નિર્દેશ છે. લેખનની શરૂઆત કરી તે આજનો દિન ભાદવા સુદ ૧૧ તથા ૧૨ એક સાથે છે.

ભાદરવા સુદ ૧૧ એટલે પરિવર્તની એકાદશી અને આપણા જ આચાર્ય પ.પૂ.ગો. શ્રી પુરુષોત્તમજી લેખવાળાનો પ્રાકટ્ય દિન. ભાદરવા સુદ ૧૨ એટલે શ્રીવામન જયંતિ.

શ્રીમહાપ્રભુજીએ નિજ સેવકોને (૧) શ્રીકૃષ્ણ જયંતિ, (૨) શ્રી રામ જયંતિ, (૩) શ્રી નૃસિંહ જયંતિ અને (૪) શ્રી વામન જયંતી ઉજવવા માટે આજ્ઞા કરી છે. આથી આજે શ્રી વામનજીના પદનું અવગાહન કર્યું. રાજા એક પંડિત પૌરિ તિહારી (રાગ-સારંગ) પદમાં રાજા બલિ કહે છે, ''ચલિયે વિપ્ર જહાં યજ્ઞવેદી બહુત કરી મનુહારી। જો માંગો સો દેહુ તુરત હી હીરા રતન ભંડારી ।।''. બલીરાજા હીરા રત્નના ભંડારો આપવા તૈયાર છે. ત્યારે વામનજી આજ્ઞા કરે છે, ''રહો રહો રાજા અધિક નહીં કહિયે દોષ લગત હૈ ભારી । તીન પેંડ વસુધા મોહિ દીજે જહાં રચો ધર્મસારી ।।''. શ્રી વામનજીને ત્રણ પગલા જમીન જ જોઈએ છે. જો આનાથી વધુ માંગે તો ભારે દોષ લાગે તવું શ્રી વામનજી જ્ઞાન કરાવે છે.

શ્રી વામનજીની આ ઉક્તિથી મને વિચાર આવ્યો કે આમાં ભારે દોષ કયો ? આ પદ સૂરદાસજી રચિત છે. આથી એ પણ વિચાર આવ્યો કે સૂરદાસજીને આવી લીલાની ઝાંખી કઈ રીતે થઈ ?

શ્રીવલ્લભ કૃપાથી પ્રેરણા થઈ કે આપણો પુષ્ટિ સંપ્રદાય શ્રીમદ્ ભાગવતમાંથી જ પ્રકટ થયો છે. આથી મેં શ્રી ભાગવતનું શરણ લીધું. અહીં આઠમા સ્કંધમાં અરાઢમાં અધ્યાયના દર્શન કર્યા. આ અધ્યાયમાં બલિરાજાએ શ્રી વામનજીને ગાય, સોનું, સામગ્રીઓથી સુસજ્જિત ઘર, પવિત્ર અન્ન, પીવાની વસ્તુ, વિવાહ માટે બ્રાહ્મણ કન્યા, સંપત્તિથી ભરેલા ગામો, ઘોડા, હાથી, રથ માગંવા કહ્યું. (આ કથા ૧૮મા અધ્યાયના અંતે છે.) ઓગણીસમા અધ્યાયમાં શ્રી વામનજી ત્રણ ડગલાં પૃથ્વી માંગીને કહે છે, -

‘‘નાન્યત્ તે કામયે રાજન્વદાન્યાજ્જગદીશ્વરાત્ ।
નૈનઃ પ્રાપ્નોતિ વૈ વિદ્વાન્યાવદર્થ પ્રતિગ્રહઃ ।।’’

શ્રી વામનજી કહે છે, ‘‘વિદ્વાન પુરુષે કેવલ પોતાની આવશ્યક્તા અનુસાર જ દાન સ્વીકારવું જોઈએ. આમ કરતાં તે પ્રતિગ્રહના પાપથી બચે છે.’’

આ શ્રી વામન આજ્ઞા જોતાં મને થયું કે સૂરદાસજી પ્રભૃતિ અષ્ટછાપ કીર્તનકારોનું શ્રી ભાગવત પઠન, શ્રવણ અને સ્મરણ કેટલું બધું શ્રેષ્ઠ હશે ?

આ સાથે જ પરમાનંદદાસજી અને સૂરદાસજીના વાર્તા સાહિત્યનું સ્મરણ થયું. શ્રીમહાપ્રભુજીએ શ્રીનવનિતપ્રિયજીની સન્નિધિમાં પરમાનંદદાસજીને નામ સંભળાવ્યું. તે પછી બ્રહ્મસંબંધ કરાવ્યો. પછી દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી. આજ રીતે શ્રીમહાપ્રભુજીએ સૂરદાસજીને નામ સંભળાવ્યું તે પછી સમર્પણ કરાવ્યું. પછી દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી.

આમ આ બંને મહાનુભાવોને દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવીને તેમના હૃદયમાં શ્રી ભાગવત રૂપા સમુદ્રનું સ્થાપન કરી દીધું. આથી આ બેઉ ભક્તો ‘સાગર’ બન્યા. બંનેએ અગણિત કીર્તનો ગાયા.

શ્રી હરિરાય ચરણો ભાવપ્રકાશમાં આજ્ઞા કરે છે કે, ‘‘શ્રીભાગવતની દશમ સ્કંધની અનુક્રમણિકા દ્વારા શ્રીમહાપ્રભુજીએ પ્રમલક્ષણા ભક્તિનું દાન કરી દીધું.’’ શ્રી હરિરાયજીના આ ભાવપ્રકાશનું પ્રમાણ પણ સૂરદાસજીના પદોમાંથી પ્રાપ્ત થાય છે.

શ્રી મહાપ્રભુજી દશમ સ્કંધના મંગલાચરણની પ્રથમ કારીકા ‘‘નમામી હૃદયે શેષે લીલાક્ષીબ્ધિશાયિનં । લક્ષ્મી સહસ્ર-લીલાભીઃ સેવ્યમાનં કલાનિધિમ્ ।।’’ સૂરદાસજીને સંભળાવી અને બ્રહ્મસંબંધ પ્રાપ્ત કરીને સૂરદાસજીએ ગાયું -

‘‘ચકઈરી ચલ ચરન સરોવર જહાં નહીં પ્રેમ વિયોગ’’ આ પદના અંતે સૂરદાજી કહે છે, ‘‘જહાં શ્રીસહસ્ર સહિત નિત ક્રીડત સોભિત સૂરજદાસ’’.

દશમ સ્કંધની કારિકા અનુસાર

''લક્ષ્મીસહસ્રલીલાભિઃ સેવ્યમાનં કલાનિધિમ્''

સૂરદાસજીના પદમાં

''જહાં શ્રીસહસ્ર સહિત નિત ક્રીડત સોભિત સૂરજદાસ''

આમ કારિકાનો ભાવ આ પદમાં સ્ફૂટ થયો.

ત્યાર બાદ શ્રી આચાર્યજીએ સૂરદાસજીને નન્દાલયની લીલા ગાવા આજ્ઞા કરી. સૂરદાસજીએ નન્દમહોત્સવનું કીર્તન ગાન કર્યું, ''વ્રજ ભયો મહરી કે પૂત જબ યહ બાત સુની...''

દશમ સ્કંધના તામસ પ્રમાણ પ્રકરણ અંતર્ગત પાંચમાં અધ્યાયના નંદમહોત્સવનું આબેહૂબ ચિત્ર અહીં ખડું થયું છે. શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે સૂરદાસ નંદાલયની લીલાની નિકટમાં જ ઉપસ્થિત હોય તેવું લાગે છે. આમ શ્રી ભાગવતે સૂરસાગરનું સર્જન કર્યું. જેમ સમુદ્રમાં સઘળા પદાર્થો છે તે રીતે સૂરદાસજીએ સહસ્રાવધિ પદો કર્યા છે. જેમાં જ્ઞાન છે, વૈરાગ્ય છે, ભક્તિના ભેદો છે, ભગવદ્ અવતારો અને તેની લીલા છે.

શ્રીવલ્લભ, શ્રી ભાગવત અને પુષ્ટિમાર્ગ

શ્રીવલ્લભ ભૂતલે પધાર્યા - આપ નિત્યલીલામાં બિરાજતા હતા. નિત્યલીલામાં તો પૂર્ણાનંદ છે. સ્વરૂપાનંદ છે. ભજનાનંદ છે. જ્યારે ભૂતલ તો નિરાનંદ છે. ભૂતલમાં આનંદ નથી - છતાં શ્રીવલ્લભ ભૂતલે પધાર્યા. આ માટે ઘણા કારણો હોઈ શકે. શ્રીગુસાંઈજી આપશ્રીના શ્રીવલ્લભાષ્ટકમાં આજ્ઞા કરે છે, ''તસ્યૈવાત્માનુભાવ પ્રકટન હૃદયસ્યાજ્ઞયા પ્રાદુરાસીદ્, ભૂમૌ...''. શ્રી ઠાકોરજીએ પોતાના લીલાત્મક અનુભવ પ્રકટ કરવા માટે શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી. આથી આપ દૈવી જીવો પર અતિ કરુણા કરવા માટે દિવ્ય દેહ ધારણ કરીને અલૌકિક અગ્નિરૂપે પ્રકટ થયા.

શ્રીઠાકોરજીનો લીલાત્મક અનુભવ શ્રીભાગવતજી દ્વારા થાય. શ્રીભાગવતમાં બિરાજતી પ્રભુની લીલાને યથાર્થ સમજાવવાનું સામર્થ્ય માત્ર શ્રીવલ્લભાચાર્યજીમાં જ છે - શ્રીમહાપ્રભુજીએ આ હકીકત શ્રી સુબોધિનીના આરંભમાં સ્પષ્ટ કરી છે.

અર્થં તસ્ય વિવેચિતું નહિ વિભુર્વૈશ્વાનરાદ્વાક્પતે
રન્યસ્તત્ર વિધાય માનુષતનું માં વ્યાસવચ્છ્રીપતિઃ ।
દત્ત્વાજ્ઞાં ચ કૃપાલોકનપટુર્યસ્માદતોહં મુદા
ગૂઢાર્થં પ્રકટી કરોમિ બહુધા વ્યાસસ્ય વિષ્ણોઃ પ્રિયામ્ ।।

શ્રીપ્રભુચરણો પણ શ્રીવલ્લભના અવતાર કાર્યો નિરખી સર્વોત્તમજીમાં શ્રીમહાપ્રભુજીને ''શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકાશન પરાયણઃ, સાકારબ્રહ્મવાદૈક સ્થાપકઃ, શ્રીભાગવતપીયૂષ સમુદ્રમથનક્ષમઃ, રાસલીલૈકતાત્પર્યઃ, કૃપયૈતત્કથાપ્રદઃ, પૃથકશરમાર્ગોપદેષ્ટાઃ, બ્રહ્મવાદ નિરૂપકઃ'' વગેરે નામો પ્રકટ કરે છે. જેનો સંબંધ શ્રીવલ્લભના શ્રી ભાગવતજી સાથેના અદ્ભૂત સંબંધનો નિર્દેશ કરે છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીભાગવતા શાસ્ત્રને સુપેરે સમજાવવા સાત અર્થો પ્રકટ કર્યા. શ્રી ભાગવત શાસ્ત્ર છે. તેમાં બાર સ્કંધો છે. ૫૦ પ્રકરણો છે. ૩૩૫ અધ્યાયો છે. અરાઢ હજાર શ્લોકો છે. શબ્દો છે અને પાંચ લાખ છોંતેર હજાર અક્ષરો છે. શ્રીમહાપ્રભુજીએ આથી શાસ્ત્રાર્થ, સ્કંધાર્થ, પ્રકરણાર્થ, અધ્યાયાર્થ, શ્લોકાર્થ, શબ્દાર્થ અને અક્ષરાર્થ કર્યા. આ અર્થો શ્રીવ્યાસજીને અને શ્રીવિષ્ણુને પણ પ્રિય છે. શ્રી વ્યાસજીએ શ્રીભાગવતનું દર્શન કર્યું છે અને વિષ્ણુ ભગવાન શ્રી ભાગવત શાસ્ત્રના લીલાનાયક છે.

જ્ઞાની ભક્ત ઉદ્ધવજીની પ્રાર્થનાથી સ્વયં શ્રી ભગવાને ભાગવતમાં પ્રવેશ કર્યો છે. સ્વયં પોતે જ ભાગવત રૂપે પ્રગટ થયા છે. આથી જ શ્રીવલ્લભ અને આપશ્રીના પ્રેમી ભક્તો ભગવાન અને ભાગવતનો આશ્રયાશ્રયિ ભાવ સંબંધ માને છે. ભગવાન આશ્રય છે અને શ્રીભાગવત તે આશ્રયે રહેનાર આશ્રયિ છે.

શ્રીમહાપ્રભુજીએ ઉપર દર્શાવેલા શ્રીભાગવતના સાત અર્થોની એક વાક્યતા સિદ્ધ કરી છે. સાત અર્થો પૈકી (૧) શાસ્ત્રાર્થ, (૨) સ્કંધાર્થ, (૩) પ્રકરણાર્થ અને (૪) અધ્યાયાર્થનો સમન્વય શ્રી ભાગવતાર્થ નામના ગ્રંથમાં કર્યો છે અને (૫) શ્લોકાર્થ, (૬) શબ્દાર્થ અને (૭) અક્ષરાર્થને સમજાવવા શ્રીસુબોધીનીજી પ્રકટ કર્યા.

શ્રી ભાગવતની શોભા જ ભગવાન છે. ભગવાન ''રસો વૈ સઃ'' છે. રસેશ છે. આથી જ શ્રી ભાગવત પણ રસવાળું છે. આપણી દશ ઈન્દ્રિયો એ ચાર અંતઃકરણ વિભાગને રસમાં રસી દેનાર છે.

આવા રસાત્મક શ્રી ભાગવતમાંથી આપણા ગુરુ શ્રીવલ્લભાધીશે પુષ્ટિસંપ્રદાયનો પ્રેમમાર્ગ પ્રકટ કર્યો અને આપશ્રી આ માર્ગના ગુરુ તરીકે શ્રીગોપીજનોને પ્રસ્થાપિત કરે છે. અસ્મિન માર્ગે ગોપિકાઃ ગુરવઃ પ્રોક્તા. અષ્ટછાપ ગાય છે કે, ''શ્રી ભાગવત સુધા નિધિ મથકે અપનો પંથ પ્રકટ જનાયો''

શ્રીમહાપ્રભુજીની નિત્ય દિનચર્યામાં સેવા અને કથા મુખ્યતઃ છે. અનોસરમાં આપ શ્રીસુબોધીનીજી લખાવતા - શ્રી માધવ ભટ્ટ કાશ્મીરીજી લખતા - ભોજન બાદ થોડો આરામ કરી પોતાના વૈષ્ણવોને સુબોધિનીજીના વચનામૃતથી સીંચતા આથી જ અષ્ટછાપ ભક્ત કવિ ગાય છે, ''ભોજન કર વિશ્રામ છિનક લે નિજ મંડલી બુલાઈ. વેણુગીત પુનયુગલગીત કી રસ બરખા બરખાઈ.''

શ્રીમહાપ્રભુજી બદરિકાશ્રમમાં વ્યાસ ગુફામાં પધાર્યા. વેદવ્યાસ પધાર્યા. શ્રીમહાપ્રભુજીને પોતાના ધામમાં લઈ ગયા. અહીં વ્યાસજીએ શ્રીભાગવત પરની ટીકા સાંભળવાની ઈચ્છા કરી. શ્રી મહાપ્રભુજીએ શ્રી ભાગવતજી દશમ સ્કંધમાં આવતા યુગલગીતનો એક શ્લોક કહ્યો.

વામબાહુ કૃત વામ કપોલો વલ્ગિતભ્રૂરધરાર્પિતવેણુમ્ ।
કોમલાંગુલી ભિરાશ્રિત માર્ગ ગોપ્ય ઈચ્ચતિ યત્ર મુકુન્દઃ ।।

આ શ્લોકનું વ્યાખ્યાન ત્રણ દિવસ સુધી ચાલ્યું.

ફરી એકવાર શ્રી આચાર્યજી બદ્રીનાથજીના મંદિરે પધાર્યા હતા. ત્યારે વેદવ્યાસજી સાથે હતા. શ્રી આચાર્યજીએ વેદવ્યાસને કહ્યું કે ભાગવતના દશમ સ્કંધમાં આવતા ભ્રમરગીતના અધ્યાયમાં ઉદ્ધવજીને વ્રજ ભક્તો પાસે મોકલ્યા. આ પ્રસંગમાં અડધો શ્લોક ઘટે છે ત્યારે વ્યાસજીએ તે અર્ધ શ્લોક કહ્યો,

''આત્મત્વાદ્ભક્તવશ્યત્વાત્સત્ય વાક્તવાત્સવભઆવતઃ''

રોમાંચ તો આપણાને એ જાણીને થાય છે કે શ્રી વલ્લભે આ શ્લોકની ટીકા પહેલાથી કરી દીધી હતી. (શ્રી વ્યાસજીએ આ શ્લોક તે પછી કહ્યો છે.)

વ્રજમાં કુસુમ સરોવર ઉપર ઉદ્ધવજી શ્રીમહાપ્રભુજીને મળ્યા હતા. શ્રીમહાપ્રભુજીએ શ્રી ભાગવતના દશમ સ્કંધમાં આવતા ભ્રમરગીતના એક શબ્દનું રહસ્ય ઊભા ઊભા છત્રીસ કલાક સુધી તેમને સંભળાવ્યું હતું.

શ્રીમહાપ્રભુજીએ ત્રણવાર પૃથ્વી પરિક્રમા કરી હતી. આ દરમ્યાન ઘણા સ્થળોએ આપે મુકામ કર્યો હતો. આ બધા સ્થળો પૈકી જ્યાં આપે શ્રી ભાગવતનું પારાયણ કર્યું તે જ સ્થળો બેઠકજી તરીકે પ્રસિદ્ધ છે. આમ આ પરિક્રમાઓ દરમ્યાન જુદા જુદા ૮૪ સ્થળોએ આપે શ્રી ભાગવત પારાયણ કર્યા. આપ જ્યારે શ્રી ભાગવત પારાયણ કરતાં ત્યારે જે તે તીર્થોના અને ક્ષેત્રોના દેવતાઓ પણ આધિદૈવિક સ્વરૂપથી સાંભળવા પધારતાં.

વિદ્યાનગરમાં કૃષ્ણદેવરાયની સભામાં શ્રીવલ્લભ પધાર્યા - પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરવાની શરૂઆત કરી તે પહેલાં આપશ્રીએ પોતાને માન્ય પ્રમાણ ગ્રંથો ગણાવ્યા. આમાં વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રો - આ ત્રણ શાસ્ત્રો તો બધા જ પંડિતો પ્રમાણ ગ્રંથો તરીકે સ્વીકારેલા. શ્રી મહાપ્રભુજીએ આ ઉપરાંત

ચોથા પ્રમાણ તરીકે શ્રી ભાગવત શાસ્ત્રને ગણાવ્યું. આપે લખેલ 'નિબંધ' ગ્રંથમાં આપ આજ્ઞા કરે છે -

વેદાઃ કૃષ્ણવાક્યાનિ બ્રહ્મસૂત્રાણિ ચૈવ હિ ।
સમાધિભાષા વ્યાસસ્ય પ્રમાણં તત્ ચતુષ્ટયમ્ ।।

વેદો, શ્રીકૃષ્ણ વાક્યો (શ્રી ગીતાજી), શ્રીવ્યાસજીના બ્રહ્મસૂત્રો અને શ્રી વ્યાસજીની સમાધિભાષા (શ્રીભાગવતજી) આ ચાર ગ્રંથો પ્રમાણભૂત છે. આને પ્રસ્થાન ચતુષ્ટય પણ કહેવાય. આપશ્રી આગળ આજ્ઞા કરે છે કે વેદમાં જે શંકાનું સમાધાન વ્યાસસૂત્રો કરે છે અને વ્યાસસૂત્રોમાં થતી શંકાનું સમાધાન શ્રી ભાગવતજી કરે છે. શ્રી ભાગવતજી યથાર્થ રીતે ભણ્યા પછી કોઈ શંકા રહેતી નથી.

શ્રીમહાપ્રભુજીએ ગુરુના લક્ષણો 'નિબંધ'માં આ રીતે દર્શાવ્યા છે -

કૃષ્ણસેવા પરંવીક્ષ્ય દંભાદિ રહિતંનર

શ્રીભાગવત તત્ત્વજ્ઞ ભજેદ્જીજ્ઞાસુઆદરાત્

(૧) કૃષ્ણ સેવા પરાયણતા (૨) દંભ વગેરે રહિત (૩) નર અને (૪) શ્રી ભાગવતના તત્ત્વને જાણનાર.

વાર્તા સાહિત્યમાં શ્રી ભાગવત

શ્રી મહાપ્રભુજી કનોજ પધાર્યા. અહીં પદ્મનાભદાસ નામના કનોજયા બ્રાહ્મણ રહેતા હતા. તેઓ શ્રીભાગવત અને અન્ય શાસ્ત્રોની કથા કરી ઘર નિભાવતા હતા. તેમણે શ્રી મહાપ્રભુજીના મુખે ભગવદ્ વાર્તા સાંભળી (શ્રીભાગવત સાંભળ્યું) અને તેઓ શ્રી મહાપ્રભુજીના શરણે આવ્યા.

શ્રી મહાપ્રભુજીએ તેમને કહ્યું કે શ્રી ભાગવતતો ભગવદ્ સ્વરૂપ છે. તે વાંચીને નિર્વાહ ન થાય. શ્રી ભાગવતની કથા વાંચીને વૃત્તિ ન થાય. શ્રી મહાપ્રભુજીએ નિબંધમાં આ આજ્ઞા સમજાવી છે.

પઠનીયં પ્રયત્નેન સર્વહેતુવિવર્જિતમ્
વૃત્ત્યર્થં નૈવ યુંજીત પ્રાણૈઃ કણ્ઠગતૈરપિ ।।૧।।
તદ્ભાવે યથૈવ સ્યાત્ તથા નિર્વાહમા ચરેત્ ।
ત્રયાણાં યેન કેનાપિ ભજન્ કૃષ્ણમવાપ્નુયાત્ ।।૨।।

શ્રી ભાગવતનું પઠન અવશ્ય કરવું પણ તે કોઈપણ જાતના હેતુ વગર કરવું. ભલેને પ્રાણ કંઠે આવી જાય છતાં તે વાંચીને પેટ ન ભરવું.

પદ્મનાભદાસના દિકરાની વહુનું નામ પાર્વતી હતું. તેના બેટાનું નામ રઘુનાથદાસ હતું. આ રઘુનાથદાસ કાશી જઈ ખૂબ શાસ્ત્રો ભણ્યા. ત્યાર પછી શ્રી ગોકુલ આવ્યા. અહીં શ્રીગુસાંઈજીના દર્શન કર્યા. શ્રી ગુસાંઈજી શ્રીસુબોધીનીજીની કથા કહેતા. કૃપા કરી રઘુનાથદાસને આગળ બેસાડતા. શાસ્ત્રના જાણકાર હોવા છતાં તેમને શ્રી સુબોધિનીજીમાં સમજ પડતી ન હતી. શ્રી ગુસાંઈજીએ તેમના પર કૃપા વિચારી પછી જ તેમને શ્રી ભાગવત - સુબોધિનીજી સમજમાં આવ્યા. અહીં એ સિદ્ધ થયું કે વેદ-પુરાણ વગેરે શાસ્ત્રો ભણીયે તો પણ શ્રી આચાર્યજીના ગ્રન્થોમાં સમજ ન પડે. તે માટે આચાર્ય કૃપા જોઈએ. શ્રી ભાગવતના અધ્યયન માટે ગુરુકૃપા અને મહાનુભાવોની કૃપા ખૂબ જરૂરી છે.

કાશીમાં શેઠ પુરુષોત્તમદાસ થઈ ગયા. તેમના પુત્ર ગોપાલદાસ હતા. તેઓ અનોસરમાં શ્રીમહાપ્રભુજીના શ્રીસુબોધિનીજી અને નિબંધ વગેરે ગ્રંથો વાંચતા.

શ્રી મહાપ્રભુજીના શ્રીમુખથી શ્રી ભાગવત કથા સાંભળવા માટે દિનકારદાસે એક દિવસ કાચી રોટલી જળ સાથે ખાઈ ગયા હતા. પ્રભુને પણ તે દિવસે ધરાવ્યું ન હતું. આ રીતે શ્રી ભાગવતની કથા શ્રી વલ્લભના મુખારવિંદથી સાંભળવા અસમર્પિતનો દોષ કર્યો. શ્રી મહાપ્રભુની કથામાં દૃઢ સ્નેહ હોવાથી તે મહાદોષ પણ બાધક ન બન્યો.

શ્રી મહાપ્રભુજીના સેવક મુકુંદદાસ માવવા દેશમાં રહેતા. તેઓએ 'મુકુંદ સાગર' ગ્રન્થ લખ્યો છે. તેમાં શ્રી ભાગવતના બારેય સ્કંધના અર્થ સમાવી લીધા છે. શ્રી મહાપ્રભુજીના સુબોધિનીજીમાં એટલી બધી અનન્યતા કે ઉજ્જૈનના બ્રાહ્મણો સામે ચાલીને શ્રી ભાગવત સંભળાવવા આવે તો પણ સાંભળવા તૈયાર ન થાય. એટલું જ નહીં મુકુંદદાસ આ સુબોધિનીજી યુક્ત શ્રી ભાગવત તે બ્રાહ્મણોને સંભળાવવા પણ રાજી ન હતા. કારણ અવૈષ્ણવને આ શ્રી ભાગવત સંભળાવતાં તે વૈષ્ણવને દોષ લાગે છે. સૂર્યગ્રહણના દિવસે તે બ્રાહ્મણોની ખૂબ હઠ હતી આથી મુકુંદદાસે શ્રી ભાગવતનો એક શ્લોક સંભળાવ્યો. તેનો અર્થ કરવામાં એક દિવસ એક રાત્રી વિતી ગઈ. બીજા દિવસે પંડિતોએ કહ્યું આ શ્લોકનો અર્થ પૂરો કરશો ? મુકુંદદાસે કહ્યું આ શ્લોકનો ભાવ સમજાવતા છ મહિના લાગે.

કેસવ ભટ્ટ કાશ્મીરી કાશ્મીરમાં કથા કહેતા - તેઓ તેમના સેવક માધવ ભટ્ટને લઈ શ્રી મહાપ્રભુજી પાસે શ્રી સુબોધિનીજી સાંભળવા આવ્યા હતા અને કથા સાંભળી માધવ ભટ્ટ કાશ્મીરીને ભેટ તરીકે શ્રી મહાપ્રભુજીને સોંપ્યા હતા. આ માધવ ભટ્ટ દ્વારા શ્રી મહાપ્રભુજીએ શ્રી સુબોધિનીજી લખાવ્યા.

ખેરાલુના જગન્નાથ જોષીની પહેલી વાર્તામાં શ્રી હરિરાયજી એ ભાવ પ્રકાશમાં આજ્ઞા કરી છે કે શ્રી આચાર્યજી શ્રી સુબોધિનીજીમાં કહે છે કે શ્રી ઠાકુરજીના સ્વરૂપમાં તથા લીલામાં અસંભાવના અને વિપરીત ભાવના કરવી નહીં.

ખેરાલુના જગન્નાથ જોષીની માતાની વાર્તા પ્રમાણે શ્રી મહાપ્રભુજી ખેરાલુ પધાર્યા. ગામ બહાર એક બગીચામાં બિરાજ્યા આ બ્રાહ્મણી જલ ભરવા આવી ત્યારે શ્રી આચાર્યજી શ્રી સુબોધિનીજીની કથામાં યજ્ઞપત્નિનો પ્રસંગ (દસમા સ્કંધમાં આવે છે) કહેતા હતા. આ સાંભળીને આ બ્રાહ્મણીને શ્રી મહાપ્રભુજીના સેવક થવાની ઈચ્છા થઈ.

રાજનગરના રામદાસ સાંચોરા બાલ્યાવસ્થામાં જ ભાગીને દ્વારકા આવ્યા. અહીં શ્રી આચાર્યજી સુબોધિનીજીની કથા કહેતા હતા. રામદાસે તે સાંભળી અને સેવક થવાની ઈચ્છા થઈ.

ખેરાલુના ગોવિંદ દૂબે કાશી ગયા ત્યારે શ્રી મહાપ્રભુજી ત્યાં બિરાજતા હતા. ગોવિંદ દૂબેના ભાગ્યમાં બહુ વિદ્યા ન હતી છતાં શ્રી મહાપ્રભુના અનુગ્રહથી તેમને ગીતા અને શ્રી ભાગવતના શ્લોકોના અર્થો આવડી ગયા.

આજ ગોવિંદ દૂબે વ્રજલીલા સંબંધી ન હતા તેથી શ્રી મહાપ્રભુજીએ તેમને કથા સંભળાવવાનું ટાળેલું. પણ ગોવિંદ દૂબે પર કૃપા કરવા પુસ્તક (શ્રી ભાગવત) ખોલી કથા કરવાનું શરૂ કર્યું ત્યારે શ્રી રણછોડજીએ આવીને ગોવિંદ દૂબે સાથે વાત શરૂ કરેલી. શ્રી મહાપ્રભુજીએ કથા વાંચન પછી ન કર્યું.

મણુંદના બે ભાઈ હતા રાજા દૂબે અને માધો દૂબે. તેઓ દ્વારકા ગયા હતા. અહીં શ્રી મહાપ્રભુજી તે વખતે બિરાજતા હતા. શ્રી મહાપ્રભુજીના શ્રીમુખે શ્રી ભાગવત દશમ સ્કંધના પાંચમા અધ્યાય નંદમહોત્સવની કથા તેમણે સાંભળી અને શ્રી મહાપ્રભુજીના સેવક થયા.

આ માધો દૂબે એ તેમના ગામના એક અભણ બ્રાહ્મણને શ્રી મહાપ્રભુજીની કૃપાથી અષ્ટાક્ષર મંત્રની બે માળા કરાવી. આ સાથે તે બ્રાહ્મણ શ્રી ભાગવત પુરાણના અર્થને જાણવા લાગ્યો અને તેણે ગામના ચોતરા પર શ્રી ભાગવતની કથા સંભળાવી. આ બ્રાહ્મણના મોં પર શ્રી ભાગવતના પ્રભાવથી ભગવત તેજ બિરાજવા લાગ્યું.

ઉત્તમશ્લોકદાસ અને ઈશ્વર દૂબે કાયસ્થની નોકરી કરતા હતા. તેમની સાથે તેઓ આગ્રા આવ્યા. આ વખતે શ્રી મહાપ્રભુજી શ્રી યમુનાજીના રાજઘાટ પર બિરાજતા હતા. આ વખતે શ્રી મહાપ્રભુજીએ કૃષ્ણદાસને કહ્યું કે શ્રી ભાગવતમાં કહ્યું છે કે બ્રાહ્મણ થઈ શૂદ્રની ટહેલ ન કરવી. તે ઉચિત નથી. શૂદ્ર

બ્રાહ્મણની ટહેલ કરે તો ઠીક છે. આ સાંભળી બંને એ કાયસ્થની ચાકરી છોડી. શ્રી મહાપ્રભુના સેવક થયા.

થાનેશ્વરના જગતાનંદ કાશી જઈને શ્રી ભાગવત શીખ્યા પોતાના ગામમાં આવી શ્રી ભાગવત કથા કરી જીવન નિર્વાહ કરતા હતા. શ્રી મહાપ્રભુજીએ તેમને દશમ સ્કંધના વેણુગીતના 'પ્રાયો બતામ્બ વિહગા' એ શ્લોક ઉપર વ્યાખ્યા સંભળાવી. ત્રણ પ્રહર સુધી તે વ્યાખ્યા ચાલી અને આપશ્રીએ આજ્ઞા કરી આ શ્લોકની વ્યાખ્યા બે-ત્રણ મહિના ચાલી શકે. આ સાંભળી જગતાનંદ શ્રી મહાપ્રભુજીના સેવક બન્યા. શ્રી મહાપ્રભુજીએ જગતાનંદને પણ શીખવ્યું કે શ્રી ભાગવત કથા કરી જીવન નિર્વાહ ન કરવો.

પ્રયાગના આનંદદાસ અને વિશ્વંભરદાસ બે ભાઈઓ ભગવદ્ વાર્તા કરતા ત્યારે શ્રી ઠાકોરજી હુંકાર ભરતા. શ્રી મહાપ્રભુજીના સેવકોની ભગવદ્ વાર્તા એટલે જ શ્રી ભાગવતમાં વર્ણવેલી ભગવદ્ લીલા જ હોય ને ?

અડેલની બ્રાહ્મણની વાર્તામાં આવે છે કે તે ગામનો એક બ્રાહ્મણ સંન્યાસ લેવા ગયો તે પહેલાં તેણે પોતાનું શ્રી ભાગવત અને શ્રી લાલજીનું સ્વરૂપ શ્રી મહાપ્રભુજીને પધરાવ્યા હતા.

થાનેશ્વરના રામાનંદ પંડિત શ્રી ભાગવત વાંચતા કથા કરતા. શ્રી મહાપ્રભુજી થાનેશ્વર પધાર્યા ત્યારે તે પંડિત ચર્ચા કરવા આવ્યો. હારી ગયો અને સરસ્વતીના કહેવાથી શ્રી મહાપ્રભુજીનો સેવક થયો. શ્રી મહાપ્રભુજીએ તેને આજ્ઞા કરી કે શ્રીમદ્ ભાગવતના પુસ્તકને ભોગ ધરીને તું લેજે.

આગરાના વિષ્ણુદાસ છીપા શ્રી મહાપ્રભુજીના શરણે ગયા પછી પોતાના ઘરે આવીને થોડું કાપડ છાપતા. તે વાંચીને પોતાના દેહનો નિર્વાહ કરતા અને આખો દિવસ-રાત માનસી સેવા અને શ્રીઆચાર્યજીના ગ્રંથ શ્રીસુબોધિનીજીના ભાવમાં મગ્ન રહેતા.

કડાના અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ જગન્નાથજી ગયા. અહીં તે વખતે શ્રી મહાપ્રભુજી બિરાજતા હતા. આપશ્રીની કથાનું શ્રવણ કરીને તેમણે શરણ ગ્રહણ કર્યું.

અડેલના સુતારની વાર્તામાં શ્રી હરિરાયજી ભાવ પ્રકાશમાં આજ્ઞા કરે છે કે શ્રી સુબોધિનીજીમાં શ્રી આચાર્યજી આજ્ઞા કરે છે કે શ્રીદામા માલાકાર માલા રૂપ છે તેથી તે શ્રી ઠાકોરજીના ખભા પર ચઢે છે.

વૃંદાવનના ગડુસ્વામીને શ્રી મહાપ્રભુજીએ 'ત્રિવિધ નામાવલી' ગ્રંથ સમજાવ્યો. ગડુસ્વામી માનસીમાં મગ્ન થયા. આ ત્રિવિધ નામાવલી ગ્રંથ શ્રી ભાગવતના દશમ સ્કંધની કૃષ્ણલીલાના નામો દર્શાવે છે.

આગરાના કન્હૈયા શાલ ક્ષત્રી શ્રી મહાપ્રભુજીના બધા ગ્રંથો જાણતા હતા. શ્રીગુસાંઈજીને શ્રી મહાપ્રભુજીના ગ્રંથો મેળવવા હતા ત્યારે શ્રી અક્કાજીએ આપશ્રીને કન્હૈયા શાલ પાસે મોકલ્યા અને ત્યાં શ્રી ગુસાંઈજીએ બધા ગ્રંથો જાણ્યા. (આ ગ્રંથોમાં શ્રી ભાગવત સંબંધી ગ્રંથો પણ સમાવિષ્ટ થાય છે.)

નરહરદાસ સન્યાસીએ શ્રી મહાપ્રભુજીને પૂછેલું કે સન્યાસ ધર્મ મોટો કે વૈષ્ણવ ધર્મ મોટો ? શ્રી મહાપ્રભુજીએ જવાબ આપ્યો કે ભક્તિ બીજ નાશ પામતું નથી. દુઃસંગથી ભ્રષ્ટ થાય પણ સત્સંગ મળતા પાછું બીજ વૃદ્ધિ પામે અને શ્રી ભાગવતના પ્રમાણો આપ્યા કે જડભરતને હરણના સંગથી ત્રણ જન્મનો અંતરાય થયો તે પછી કૃતાર્થ થયો. ચિત્રકેતુ પાર્વતીના શ્રાપથી વૃત્રાસુર થયો. અસુર યોની મળી તો પણ ભક્તિ વધી.

ગોપાલદાસ જટાધારીની વાર્તામાં આવે છે કે શ્રી મહાપ્રભુજીનો એ નિયમ હતો કે રાતે બે ત્રણ વાર ઉઠી બધા સેવકને જોઈ જાય કે તેઓ શું કરે છે ? આ વખતે કોઈ સેવક કીર્તન ગાતા હોય કે કોઈ ધોળ ગાતા હોય કે કોઈ સેવક પંચાધ્યાયીનો પાઠ કરતા હોય. (પંચાધ્યાયી દસમ સ્કંધમાં આવે છે.)

આગરામાં સંતદાસ ચોપડા રહેતા હતા. શ્રી મહાપ્રભુજી ત્યાં કન્હૈયા શાલ ક્ષત્રીના ઘરે બિરાજ્યા. ત્યારે સંતદાસે આપશ્રીના મુખે કથા સાંભળી અને આપશ્રીના શરણે ગયા. શ્રી આચાર્યજીએ સંતદાસને પુરુષોત્તમસહસ્રનામ સંભળાવ્યો. આ ગ્રંથમાં શ્રી ભાગવતની કૃષ્ણલીલાના નામોનો સંગ્રહ છે. આ ગ્રંથ સાંભળતા સંતદાસના હૃદયમાં શ્રી મહાપ્રભુજીનું સ્વરૂપ આરૂઢ થયું અને પુષ્ટિમાર્ગીય ફલનો અનુભવ થયો. સંતદાસના ઘરે સત્સંગ થતો. ભગવદ્ વાર્તા સાંભળવા મહાદેવજી આવતા. અહીં ભગવદ્ વાર્તા એટલે શ્રી મહાપ્રભુજીના ગ્રંથોનું અધ્યયન જેમાં ભાગવત સંબંધી ગ્રંથોનો પણ સમાવેશ છે.

બાદરાયણદાસ મોરબીમાં રહેતા હતા. વત્સા ભટ્ટ પાસે તેમણે શ્રી ભાગવત સંપૂર્ણ સાંભળ્યું. શ્રી મહાપ્રભુજી મોરબી પધાર્યા ત્યારે આપે ભ્રમર ગીત (શ્રી ભાગવતના દસમ સ્કંધમાં છે) ઉપર શ્રી સુબોધિનીજીની કથા કરી. બાદરાયણદાસે સાંભળી - મૂર્છા આવી ગઈ. તેમને થયું કે વત્સા ભટ્ટ પાસે ભાગવત સાંભળેલું પણ આવો આનંદ નહોતો આવ્યો અને તેમણે શ્રી મહાપ્રભુજીનું શરણ સ્વીકાર્યું. બાદરાયણદાસના પત્નીએ શ્રી મહાપ્રભુજીને શરણે ગયા પહેલા વિનંતી કરતાં કહ્યું હતું કે વત્સા ભટ્ટતો જીવિકા માટે ઠેર ઠેર શ્રી ભાગવત કથા કહે છે તે અમારો શું ઉદ્ધાર કરવાનો ?

સૂરદાસજીને શ્રી મહાપ્રભુજીએ શ્રી ભાગવતના દશમ સ્કંધની અનુક્રમણિકા કરી સંભળાવી હતી તે આપણે આગળ જોયું.

પરમાનંદદાસજીને પણ શ્રીમહાપ્રભુજીએ દશમ સ્કંધની અનુક્રમણિકા સંભળાવી તે આપણે આગળ જોયું.

ગુજરાતમાં રામદાસ સાંચોરા બ્રાહ્મણ રહેતા હતા. તેઓ રણછોડજીના દરસન કરવા ગયા ત્યાં શ્રી આચાર્યજીના દરશન થયા. શ્રી આચાર્યજીને કથા (શ્રી ભાગવત) કહેતા સાંભળ્યા. કથા સાંભળી શ્રી આચાર્યજીમાં ઈશ્વરભાવ

થયો અને શરણે આવ્યા. આજ રામદાસને શ્રી ગુસાંઈજીએ શ્રીનાથજીના મુખિયા બનાવ્યા હતા.

શ્રીગુસાંઈજી નાગજી ભટ્ટને નાગિયા કહેતા. તે માટે શ્રી હિરરાયજીએ ભાવપ્રકાશમાં શ્રી મહાપ્રભુજીની દશમ સ્કંધની સુબોધિનીજીના મંગલાચરણની કારિકા ટાંકી છે -

નમામી હૃદયે શેષે લીલાક્ષીરાબ્ધિશાયિનમ્ ।
લક્ષ્મીસહસ્ર લીલાભિઃ સેવ્યમાનં કલા નિધિમ્ ।।

અહીં શ્રી મહાપ્રભુજી આજ્ઞા કરે છે કે મારા હૃદયરૂપી સેસ (નાગ) પર પ્રભુ બિરાજે છે. આ રીતે શ્રી ગુસાંઈજી પૂરન પુરુષોત્તમ છે. સકલ લીલા સહિત નાગજી ભટ્ટના હૃદયમાં બિરાજે છે. આથી નાગજી ને 'નાગીયા' કહેતા.

નાગજી ભટ્ટે શ્રી ગુસાંઈજીને વિનતી કરી હતી કે શ્રી મહાપ્રભુજીના ગ્રંથો શ્રીસુબોધિનીજી, નિબંધ, આપની ટિપ્પણી અને રહસ્યગ્રંથો ખૂબ છે મારી બુદ્ધિ થોડી છે. આ બધાનો ટૂંક સાર જણાવવા વિનંતી કરી હતી.

શ્રી ગુસાંઈજીએ વૈષ્ણવ સૃષ્ટિ પર કૃપા કરવા શ્રી સુબોધિનીજીના ગૂઢ અર્થ રુપ ટિપ્પણીજી પ્રગટ કર્યા. આ ટિપ્પણીજી ઉજ્જૈનના કૃષ્ણભટ્ટ (પદ્માારાવલના પુત્ર)ને આપ્યા. શ્રીમહાપ્રભુજીએ શ્રીસુબોધિનીજીમાં જે ગૂઢ ભાવ ગુપ્ત રાખ્યો હતો તે શ્રીગુસાંઈજીએ શ્રીટિપ્પણીમાં પ્રગટ કર્યો. કૃષ્ણભટ્ટ પોતાના ઘરે નિત્યય નિયમ પૂર્વક શ્રીસુબોધિનીજીનો પાઠ કરતા કથા કહેતા.

શ્રીગુસાંઈજી શ્રીગોકુલમાં શ્રીસુબોધિનીજીની કથા કહેતા હતા. સર્વ વૈષ્ણવો તે સાંભળતા. તેમાં બે વૈષ્ણવોને સંદેહ થયો. શ્રીગુસાંઈજી પણ તેમનો સંદેહ દૂર ન કરી શક્યા. ત્યારે આપશ્રીએ આ બંનેને કૃષ્ણભટ્ટ પાસે મોકલ્યા. કૃષ્ણભટ્ટે આ બંનેનો સંદેહ દૂર ક્યો. જે શ્લોકમાં સંદેહ થયો હતો તે શ્લોક દશમ સ્કંધના વેણુગીતનો હતો.

''બર્હાપીડં નટવરવપુઃ કર્ણયોઃ કર્ણિકારં ।
બિભ્રદ્વાસઃ કનકકપિશં વૈજયન્તિં ચ માલામ્ ।।

કૃષ્ણભટ્ટના બે પુત્રો હતા. ગોકુલ ભટ્ટ અને ગોવિંદ ભટ્ટ બંને અહર્નિસ શ્રીસુબોધિનીજીનું અવગાહન કરતા.

શ્રી ગુસાંઈજીએ ગોવિંદસ્વામીને દસમ સ્કંધના વેણુગીતનો છેલ્લો શ્લોક સંભળાવી વ્યાખ્યાન સાંભળાવેલું. અષ્ટછાપ કીર્તનકાર નંદદાસજીએ પણ શ્રીમદ્ ભાગવત દશમ ગ્રંથ લખેલો. મથુરાના બ્રાહ્મણોએ શ્રીગુસાંઈજીની આજ્ઞાથી પંચાધ્યાયી રાખીને બાકીના સ્રી ભાગવતની કૃતિ શ્રી યમુનાજીમાં પધરાવી દીધી.

યહ માંગો શ્રીગોપીજનવલ્લભ પદમાં પરમાનંદદાસજી પણ શ્રી ભાગવત શ્રવણ કરવાની ઈચ્છા વ્યક્ત કરે છે.

આવા તો અનેક પ્રસંગો વાર્તા સાહિત્યમાં બિરાજે છે જ્યાં શ્રીભાગવત અને શ્રીસુબોધિનીજીની સંગતીના પ્રસંગો પ્રાપ્ત થાય છે.

શ્રીવલ્લભવંશમાં શ્રી ભાગવત - સુબોધિનીજીનું પઠન-પાઠન

શ્રી મહાપ્રભુજીના મોટા લાલ શ્રી ગોપીનાથજી તો સમગ્ર શ્રી ભાગવતનો પાઠ કરીને ભોજન કરતાં. તેમાં કેટલીક વાર બે-ત્રણ દિવસો લગતાં. આથી શ્રી મહાપ્રભુજીએ શ્રી ભાગવતમાંથી જ શ્રીકૃષ્ણના એક હજાર નામો પ્રગટ કરી 'શ્રીપુરુષોત્તમસહસ્ર' ગ્રંથ પ્રકટ કર્યો. શ્રી ગોપીનાથજીને શ્રી ભાગવતના બદલે આ ગ્રંથનો પાઠ કરવા આજ્ઞા કરી. આથી સિદ્ધ થાય છે કે શ્રી ભાગવતનું પઠન શ્રવણ જે સિદ્ધિ પ્રાપ્ત કરાવે છે તે જ સિદ્ધિ શ્રીપુરુષોત્તમસહસ્ર નામ સ્તોત્રના પાઠથી પ્રાપ્ત થાય છે.

શ્રીમહાપ્રભુજીએ શ્રીગુસાંઈજી માટે આજ રીતે 'ત્રિવિધનામાવલી' ગ્રંથ

કર્યો. અહીં ભાગવતના દસમ સ્કંધની કૃષ્ણલીલાના નામો પ્રકટ કર્યા છે. તેના પઠનથી પણ પ્રભુમાં ક્રમશઃ પ્રેમ આસક્તિ અને વ્યસન સિદ્ધ થાય છે.

આ રીતે શ્રી ગુસાંઈજીના સાતેય બાલકો શ્રી ભાગવત - શ્રીસુબોધિનીજીનું અધ્યયન કરતાં.

શ્રી ગિરિધરલાલજી મહારાજના ૧૨૦ વચનામૃતો પૈકીનું ૪૭મું વચનામૃત અવગાહનીય છે. શ્રી ગોકુલનાથજીના અનન્ય સેવક કલ્યાણ ભટ્ટ હતા. જ્યારે શ્રીગોકુલનાથજી શ્રી સુબોધિનીજી વાંચે ત્યારે કલ્યાણ ભટ્ટ ઉપસ્થિત હોય જ. શ્રી સુબોધિનીજીમાં કઠિન વિષય આવે તો શ્રી ગોકુલનાથજી આજ્ઞા કરતા કે ભટ્ટજી આ વિષય ખૂબ મુશ્કેલ છે. ત્યારે ભટ્ટજી કહેતા કે આપતો નિરંતર શાસ્ત્રોનું અધ્યયન કરો છો આથી કોકાદ પદ આપશ્રીને અટપટું લાગે પણ અમે તો કશું વાંચતા જ નથી આથી અમને આવી ચિંતા કઈ રીતે થાય ? શ્રી ગોકુલનાથજી જેવા સમર્થ ગોસ્વામી બાળકને પણ શ્રી સુબોધિનીજીમાં વિટતા લાગી તો બીજાનું તો પૂછવું જ શું ? શ્રીસુબોધિનીજી શ્રીમહાપ્રભુજીને અતિપ્રિય છે. આપશ્રીનું તેમાં હાર્દ છે. આપશ્રીનું સર્વસ્વ છે. આથી આપશ્રીના અનુગ્રહ વગર શ્રીસુબોધિનીજીનો ઉદ્બોધ ન થાય.

શ્રીહરિરાયજી મહાપ્રભુજી પણ જન્મવૈફલ્ય નિરૂપણાષ્ટકમ્માં આજ્ઞા કરે છે -

ન આશ્રિતો વલ્લભાધીશો ન ચ દૃષ્ટવા સુબોધિની ।
ના રાધિ રાધિકાનાથો વૃથા તજજન્મ ભૂતલે ।।

જેણે શ્રીવલ્લભાધીશનો આશ્રય નથી કર્યો. આપશ્રીના સુબોધિનીજીના દર્શન થી કર્યા અને શ્રીરાધિકારણાને સેવ્યા નથી તેનો જન્મ વૃથા છે.

‘સ્વમાર્ગીયશરણ સમર્પણ સેવા દિનિરુપણમ્’ નામના ગ્રંથમાં ‘સેવા’ અંતર્ગત શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે -

હર્યર્થમપિ યત્નેન જાતવૈમુખ્યવારણે ।
શ્રી ભાગવતપાઠં ચ વિદધ્યાન્નિયમેન હિ ।।૬૩।।

શ્રી હરિની સેવા માટે પ્રયાસ તો કરીએ જ પણ જેટલો સમય શ્રીહરિથી વિમુખ થવાયું તેનાથી દોષ ઉત્પન્ન થાય છે. આ વૈમુખ્યદોષ છે. આ દોષના નિવારણ માટે નિયમપૂર્વક શ્રીમદ્ ભાગવતનો પાઠ કરવો.

દશ દિગંત વિજયી શ્રીપુરુષોત્તમજી લેખવાલા પણ શ્રીસુબોધિનીજી આદિ ગ્રંથોનું સતત પઠન કરતાં. આપશ્રીએ શ્રીસુબોધિનીજી પર 'પ્રકાશ' લખ્યો છે. આ લખતાં આપશ્રીને એક વાર સંદેહ થયો. આથી આપ ખિન્ન થયા. આ સંદેહ એક વૃદ્ધ ડોસીએ નિવૃત્ત કર્યો હતો.

શ્રીવલ્લભના સંપ્રદાયમાં ગોસ્વામી બાલકોની સાથે એવા ભક્ત રત્નો પણ હતા અને છે જે શ્રીસુબોધિનીજી - શ્રી ભાગવતજીનું સુંદર પઠન અને શ્રવણ કરે છે.

શ્રીગુસાંઈજીની ટિપ્પણી ટીકા પર શ્રીલાલુ ભટ્ટે 'યોજના' લખી છે.

શ્રી ગિરધરલાલજી મહારાજે પોતાના વચનામૃતમાં ઘણા ગોસ્વામી બાલકો તથા ભગવદીયોને યાદ કર્યા છે જેઓનું શ્રીસુબોધિનીજી જેવા ગ્રંથોમાં ઉંડું અધ્યયન હતું.

શ્રી ભાગવતની પુષ્ટિ સેવામાં અનિવાર્યતા

શ્રી ભાગવતના દશમ સ્કંધમાં કૃષ્ણએ કરેલી બાલ લીલા, કુમારલીલા, પૌગણ્ડલીલા, મથુરાલીલા તથા દ્વારકાલીલાનું ગાન છે. શ્રીકૃષ્ણએ આ લીલાઓ માટે તે તે વય ધારણ કરી છે. શ્રી મહાપ્રભુજીએ સર્વભાવથી પ્રભુને સેવવા આજ્ઞા કરી છે. આ પૈકી બાલ ભાવથી ઘરના ઠાકરોજીને પ્રાયઃ વધુ સેવવામાં આવે છે. આથી નંદાલયમાં શ્રીઠાકોરજીના જાગવાથી પોઢવા સુધીના લીલા પ્રકારને આપણા માર્ગની સેવા પ્રણાલીમાં વણી લીધો છે. સવારે મંગલા,

શૃંગાર, ગ્વાલ, રાજભોગ પછી સાંજે ઉત્થાપન, ભોગ, સંધ્યા અને શયન. આમ આઠ વખત દર્શન થાય છે. પુષ્ટિભક્તિ માર્ગમાં સ્નેહની સુદઢતા છે. આવી દઢતાથી કૃતાર્થ થવાય માટે વારંવાર દર્શન ખૂલે અને બંધ થાય. કારણ અહીં ભગવાનના દર્શન મળતાં કે નમળતાં પણ ભગવાનમાં જ મગ્ન રહેવાય છે. નંદાલયમાં શ્રી ગોપીજન જેમ કૃષ્ણ દર્શને જતાં તેમ, અહીં પુષ્ટિ સેવાક્રમ દર્શન મળે છે. આથી પુષ્ટિમાર્ગીય મંદિરોમાં દર્શનની લાઈન કે સ્ત્રી-પુરુષની જુદી વ્યવસ્થા ક્યાંથી હોય ? ભાવની ઉત્કટતામાં કશું યાદ ક્યાંથી રહે ? ભગવાન ત્યાં બાલક છે. સતત બેસી ન રહે, વારંવાર ભૂખ લાગે ભોગ આવે. વત્સલ મા કોઈની નજર સામે ન આરોગાવે. નંદલયમાં વાત્સલ્ય ભાવે સેવા છે.

શ્રીકૃષ્ણની જુદી જુદી લીલા ભેદથી જુદા જુદા નામકરણ થાય છે. આ પૈકી એક નામ છે વ્રજાધિપ. શ્રીમહાપ્રભુજીના મતે સમગ્ર શ્રીકૃષ્ણના વ્રજાધિપ સ્વરૂપને ભજવાની આજ્ઞા છે. વ્રજાધિપ સાથે વ્રજવાસીઓનો સંબંધ ચાર પ્રકારનો છે. (૧) દાસ્ય - ભગવાન સ્વામી પોતે દાસ, (૨) વાત્સલ્ય - ભગવાન પુત્ર - મા યશોદાજી, (૩) સખ્ય - ભગવાન મિત્ર પોતે મિત્ર, (૪) માધુર્ય - ભગવાન પ્રિયતમ પોતે તેમની પ્રિયતમા. આપણા માટે તો આ ચારમાંથી જે કોઈ એક સંવેદન ભગવાન આપણા હૃદયમાં જગાડે, સ્થિર કરે તે જીવનો ભગવાન સાથે સંબંધ. સામાન્યતઃ જીવે આરંભ તો દાસોઽહમ્ ભાવનાથી કરવાનો છે. પછી પ્રભુ જે ભાવ પ્રદાન કરે તે સ્વીકારી લેવાનું.

પ્રભુમાં અતિશય સ્નેહના લીધે પ્રભુના શ્રમનો વિચાર કરી નંદાલયની કેટલીક સેવા આપણા ત્યાં શ્રીવલ્લભે સ્વીકારી નથી. વ્રજમાં શ્રી ઠાકોરજી કામળ ધરતા. શ્રી ઠાકોરજીને ગોરોચનનું તિલક થતું. ગાયો ચરાવીને પ્રભુ સાયંકાલે પધરતાં ત્યારે સ્નાન કરાવાતું. કડવા તેલમાં સામગ્રી સિદ્ધ થતી. શ્રીમહાપ્રભુજીએ માર્ગીય સેવામાં આ પ્રકાર નથી રાખ્યા.

પ્રભુ જ્યારે વનમાં પધારતાં ત્યારે ગોપીજનો ઘરમાં રહીને કૃષ્ણલીલાનું ગાન કરતાં. દશમ સ્કંધના ૩૫મા અધ્યાયમાં શ્રીગોપીજનો એ યુગલગીતનું ગાન કર્યું છે. ત્યાં શ્રી શુકદેવજી કહે છે -

એવં વ્રજસ્ત્રિયો રાજન્ કૃષ્ણલીલાનું ગાયતીઃ

રેમિરેડહઃસુ તચ્ચિત્તાસ્તન્મનસ્કા મહોદયાઃ ।।૨૬।।

વ્રજમાં રહેલા સ્ત્રીજનો દરેક દિવસોમાં જ્યારે ભગવત્સંબંધ ન હોય ત્યારે કૃષ્ણલીલાનું ગાન કરતાં. વિશ્વને વિસરી કૃષ્ણમાં મગ્ન થતાં.

આપણા સંપ્રદાયમાં પણ શ્રી મહાપ્રભુજીએ શ્રીગોપીજનોની રીતિ પ્રમાણે સન્મુખમાં સેવા અને અનોસરમાં કથાનો ક્રમ બતાવ્યો.

સેવામાં પ્રપત્તિમાર્ગ પણ શ્રીવલ્લભે બતાવ્યો છે. કલિયુગમાં ભક્તિમાર્ગ પણ દુઃસાધ્ય છે. આથી જ પ્રપત્તિમાર્ગ દર્શાવ્યો છે. આનો સંદર્ભ દશમ સ્કંધના ૨૫મા અધ્યાયના શ્લોકમાં જોવાય છે.

તસ્માન્મચ્છરણં ગોષ્ઠં મન્નાથં મત્પરિગ્રહમ્
ગોપાયે સ્વાત્મયોગેન સોડયં મે વ્રત આહિતઃ ।।૧૮।।

પ્રભુ કહે છે વ્રજ મારા શરણે છે, હું જ તેનો નાથ છું. મેં તેનો અંગીકાર કર્યો છે. તેથી સ્વાત્મ યોગથી હું રક્ષા કરીશ. મારું તે વ્રત સ્વીકારેલું છે. આમ કૃષ્ણની પ્રપત્તિ (શરણાગતિ) પણ જીવને કૃતાર્થ કરે છે.

ષોડશગ્રંથ અને શ્રીભાગવતના બાર સ્કંધો

સ્કંધ	લીલા	વિષય	ષોડશગ્રંથ
૧	અધિકાર	શ્રોતા વક્તાની પાત્રતા	જલભેદ, પંચપદ્યાની
૨	સાધન	અધિકારીનું કર્તવ્ય	સિદ્ધાંત મુક્તાવલી, સિદ્ધાંત રહસ્ય
૩	સર્ગ	ભૂત-માત્રા-ઈન્દ્રિય-બુદ્ધિની ઉત્પત્તિ	પુષ્ટિ - પ્રવાહ - મર્યાદા
૪	વિસર્ગ	પુરુષાર્થ	બાલબોધ, ચતુઃશ્લોકી
૫	સ્થાન	વિકુંઠ વિજય, પદાર્થોની તેમની મર્યાદામાં સ્થિતિ	અંતઃકરણ પ્રબોધ
૬	પોષણ	ભગવદનુગ્રહ	શ્રીયમુનાષ્ટક
૭	ઉતિ	કર્મવાસના	વિવેક-ધૈર્ય-આશ્રય
૮	મનવન્તર	સદ્ધર્મ	નવરત્ન
૯	ઈશાનુકથા	ભક્તિ (ભગવાન-ભક્તની કથા)	ભક્તિવર્ધિની
૧૦	નિરોધ	પ્રપંચ વિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ	નિરોધલક્ષણ
૧૧	મુક્તિ	અન્યથા રૂપ છોડીને સ્વરૂપ સ્થિતિ	સંન્યાસ નિર્ણય
૧૨	આશ્રય	આશ્રય રૂપ ભગવાન	સેવાફલ, શ્રીકૃષ્ણાશ્રય

શ્રીગોપીજનો

શ્રીમહાપ્રભુજીએ પોતાના સંન્યાસનિર્ણય ગ્રંથમાં કહ્યું છે -

કૌણ્ડિન્યો ગોપિકાઃ પ્રોક્તા ગુરવઃ સાધનં ચતત્
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે ।।૮।।

શ્રીમહાપ્રભુજી આપણા ગુરુ છે. શ્રીમહાપ્રભુજી શ્રીગોપીજનોને ગુરુ કહે છે. આથી શ્રીગોપીજનોએ કહેલું તે જ સાધન.

શ્રી ભાગવત પુરુષનું હૃદય દશમો સ્કંધ છે. આ સ્કંધ શ્રીગોપીજનોથી જ પ્રભુનું હૃદય બનવાનો અધિકારી થયો હોય તેવું લાગે છે. અહીં ભગવાનની માખણચોરી, ચીરહરણ લીલા, રાસ લીલા વગેરે અનેક વિધ લીલાઓ છે. પ્રભુએ શ્રીગોપીજનો સાથે આ લીલાઓ કરી છે. આ લીલાઓ વાણીનો વિલાસ નથી. આ લીલાઓ વાણીનો વિષય પણ નથી.

આવા શ્રીગોપીજનો માટે સ્વયં ભગવાન ઉદ્ધવજીને કહે છે -

તા મન્મસ્કા મત્પ્રાણા મદર્થે ત્યક્તદૈહિકાઃ
યે ત્યક્ત લો કધર્માશ્ચ મદર્થે તાન્ બિભર્મ્યહમ
।।૧૦-૪૬-૪।।

ગોપીજનોનું મન નિત્ય નિરંતર મારામાં જ લાગેલું રહે છે. એમના પ્રાણ, એમનું જીવન, એમનું સર્વસ્વ હું જ છું. તેઓ તેમના દેહને પણ મારે કરીને બેઠાં છે. તેમણે દેહના ધર્મો છોડી દીધા છે. મારું એ વ્રત છે કે જે લોકો મારે માટે લૌકિક વૈદિક ધર્મોને છોડી દે છે તેમને હું મારામાં ધારણ કરું છું. તેમની સંભાળ હું રાખું છું.

મયિ તાઃ પ્રેયસાં પ્રેષ્ઠે દૂરસ્થે ગોકુલ સ્ત્રિયઃ ।
સ્મરન્ત્યોઽઙ્ગ વિમુહ્યન્તિ વિરહોત્કણ્ઠયવિહ્વલાઃ ।।
।।૧૦-૪૬-૫।।

એ ગોપીજનોએ અત્યારે મહાન કષ્ટ અને યત્નથી પોતાના પ્રાણોને જેમ તેમ ટકાવી રાખ્યા છે. મેં તેમને કહેલું કે, ''હું આવીશ'' બસ આ જ એમના જીવનનો આધાર છે. ઉદ્ધવ ! વધારે તો શું કહું, હું જ એમનો આત્મા છું. તેઓ નિત્ય નિરંતર મારામાં જ તન્મય રહે છે.

શ્રી ઉદ્ધવજીએ શ્રીગોપીજનોના ચરણરેણુની અભિલાષાથી નમસ્કાર કર્યા છે. દશમ સ્કંધના ૪૭મા અધ્યાયમાં ૫૯ થી ૬૪ એમ છ શ્લોક દ્વારા ઉદ્ધવગીતમાં તે પ્રસિદ્ધ છે. પુષ્ટિમાર્ગીય આહ્નિકમાં તે પ્રાતઃસ્મરણ રૂપે લખ્યા છે. આ પૈકી બે શ્લોકો જોઈએ.

આસામહો ચરણરેણુજુષામહં સ્યાં વૃન્દાવેન કિમપિ ગુલ્મલતૌષધીનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા ભેજુર્મુકુન્દ પદવીં શ્રુતિભિર્વમૃગ્યામ્ ।।૬૨।।

ઉદ્ધવજી ચાહે છે કે તેઓ આ વૃન્દાવનમાં કોઈ ગુલ્મ (ઝાડી), લતા અથવા ઔષધિ બની જાઉ. તેઓ માટે આ શ્રેષ્ઠ વાત છે કારણ કે એમ થતાં વ્રજાંગનાઓની ચરણધૂલી નિરંતર સેવન કરવાને મળતી રહેશે એમની ચરણરજમાં સ્નાન કરી હું ધન્ય બનીશ. ધન્ય છે આ ગોપીજનોને જુઓ તો ખરા, જેમને છોડવા અત્યંત કઠણ છે તે સ્વજન સંબંધીઓ તથા લોકવેદની આર્ય મર્યાદાનો પરિત્યાગ કરી એમણે ભગવાનની પદવી, એમની સાથે તન્મયતા, એમનો પ્રેમ પ્રાપ્ત કરી લીધો છે. ભગવાનના આ પરમ પ્રેમ સ્વરૂપને સમસ્ત શ્રુતિઓ પણ શોધતી રહે છે અને પ્રાપ્ત કરી શકતી નથી.

વન્દે નન્દવ્રજસ્ત્રીણાં પાદરેણુમ ભક્ષ્ણશઃ
યાસાં હરિકથોદ્ગીતં પુનાતિ ભુવનત્રયમ્ ।।૬૪।।

ગોપીજનોના કૃષ્ણપ્રેમથી ઉદ્ધવજી એટલા બધા પ્રભાવિત થયા કે તેમને લાગ્યું કે ગોપીજનોને નમસ્કાર કરવાનો મારો અધિકાર નથી. તેમના ચરણ

કમલોને પણ નમસ્કાર કરવાની યોગ્યતા નથી. અરે ! તેમના ચરણ કમલોના રજકણોને પણ નહિ. તેથી નંદરાયજીના વ્રજમાં વસનારાં ગોપાંગનાઓની ચરણરેણુના એક કણને હું વારંવાર પ્રણામ કરું છું. તેને મસ્તક પર ચઢાઉં છું. આહા ! આ ગોપીજનોએ શ્રીકૃષ્ણની લીલાકથાઓ સંબંધમાં જે કંઈ ઉંચેથી ગાન કર્યું છે તે ત્રણે લોકને પવિત્ર કરી રહ્યું છે અને સદા-સર્વદા પવિત્ર કરતું રહેશે.

શ્રીકૃષ્ણ પોતે ઉદ્ધવજીને ગોપિકાઓ માટે આજ્ઞા કરે છે -

તા નાવિદન્ મય્યનુષઙ્ગબદ્ધ ધિયઃ સ્વમાત્માનમદસ્તથેદમ્ ।
યથા સમાધૌ મુનયોઽબ્ધિતોયેનદ્યઃ પ્રવિષ્ટા વ નામ રૂપે
॥૧૧-૧૨-૧૨॥

સમુદ્રમાં પ્રવેશતી નદી પોતાના નામ રૂપને જાણતી નથી. સમાધિસ્થ મુનિઓ પોતાના નામને તથા રૂપને જાણતા નથી તેવી જરીતે ગોપિકાઓ મારા સિવાય કાંઈ પણ જાણતી નથી. પ્રેમથી આ ગોપીજનોની બુદ્ધિ કૃષ્ણમાં બંધાયેલી છે.

શ્રી બ્રહ્માજી નારદજીને આજ્ઞા કરે છે -

ન સ્ત્રિયો વ્રજસુન્દર્યઃ પુત્ર તાઃ શ્રુયઃકિલ ।
નાહં શિવશ્ચ શેષશ્ચ શ્રીશ્ચ તાભિઃ સમાઃ ક્વચિત ॥
ષષ્ટિવર્ષસહસ્રાણિ મયા તપ્તં તપઃ પુરા ।
તથાપિ ન મયા પ્રાપ્તાસ્તાસં વૈ પાદરેણવઃ ॥

હે પુત્ર નારદ ! વ્રજ સુંદરીઓ સ્ત્રીઓ નથી પણ શ્રુતિઓ છે. હું, માહેદવજી, શેષજી તથા લક્ષ્મીજી કોઈપણ વખત એઓની બરોબર નથી. મેં પૂર્વે હજાર વર્ષ સુધી તપ કર્યું હતું, પરંતુ એ ગોપિકાઓની ચરણ રજ મને મળી ન હતી.

આ ગોપીજનો મુખ્યત્વે બે પ્રકારના છે.

(૧) શ્રુતિરૂપા - વેદની શ્રુતેઓના મર્યાદા સ્વરૂપ પુષ્ટરસના અનુભવ માટે શ્રુતિરૂપા થઈને વ્રજમાં પધાર્યા છે. પ્રસન્ન થયેલા ભગવાને શ્રુતિઓને કહ્યું હતું ''કલ્પે સારસ્વતે પ્રાપેત વ્રજે ગોપ્યો ભવિષ્યથ''. સારસ્વત કલ્પ (બ્રહ્માજીના માસનો બારમો દિવસ)માં તમે વ્રજમાં ગોપી થશો. આ શ્રુતિરૂપાઓને પ્રભુએ વ્રજમાં નટવર રૂપે અનુભવ દીધો.

આ શ્રુતિઓની દેવતા હોય તે વ્રજમાં ગોપ બનીને આવ્યા.

આમ આ શ્રુતિરૂપાના લગ્ન તેમની દેવતારૂપ ગોપ સાથે થયા છે આથી તે અન્યપૂર્વા ગોપીજનો પણ કહેવાય છે.

(૨) ઋષિરૂપા - રામાવતારમાં દણ્કારણ્યના સોળહજાર ઋષિઓએ શ્રીરામચંદ્ર પાસે સીતાજી જેમ સેવા-સૌભાગ્ય પ્રાર્થ્યું હતું. કૃષ્ણાવતારમાં આ વચન પૂર્ણ કરવાનું શ્રી રામે કહેલું. આ ઋષિઓ બંગાળ (ગૌડ દેશમાં) અગ્નિકુંડમાંથી કુમારિકાઓ તરીકે પ્રગટ્યા. શ્રીનન્દજી દ્રવ્ય દઈને તેમને વ્રજમાં લાવ્યા છે. તેમના વિવાહ નથી થયા આથી તે કુમારિકા અને અનન્યપૂર્વા તરીકે પણ ઓળખાય છે.

કેટલાક મહાનુભાવો આ સિવાય સંકીર્ણ વર્ગના ગોપીજનોનો પણ નિર્દેશ કરે છે. મિથિલાનગરીની સ્ત્રીએ જેમને શ્રી રામ પ્રત્યે પતિભાવ થયો અને કોશલ દેશની સ્ત્રીઓ જેમને શ્રી રામ પ્રત્યે મુગ્ધ ભાવ થયો તે આ વર્ગના ગોપીજનો છે.

આથી જ ગોપીજનોમાં લૌકિક કામનો લેશ પણ નથી. આપ્તકામ, યોગેશ્વરેશ્વર શ્રી કૃષ્ણે કરેલી આવા ગોપીજનો સાથેની ચીરહરણ અને રાસાદિ વગેરે લીલાઓ નિર્દોષ છે.

સર્વ શાસ્ત્રોના સાર રૂપે શ્રી ભાગવતને શ્રી દયારામભાઈ ગાય છે -

ઉત્તર વચન તે માનવું, પૂર્વનું નહિ પ્રમાણ
છેલ્લું રચ્યું શ્રી ભાગવત સૌ પહેલાં રચ્યાં અન્ય પુરાણ
પુરાણ પૃથક્ પૃથક્ કર્યાં વ્યાસે
તો યે રહેતું ઉર ભરિયું ઉદાસે
મર્મ બતાવ્યો નારદ મિત્ર,
સુખ થાશે રચો ભક્તિ ચરિત્ર સેવો.

શ્રી વ્યાસે અને પુરાણો રચ્યા. કોક સ્થળે દેવીનું માહાત્મ્ય છે તો કોક સ્થળે અન્ય દેવોની વાત છે. આ બધું કેમ ન માનવું ? આવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. કવિ પ્રસિદ્ધ પ્રસંગ ટાંકે છે. વ્યાજીએ સત્તર પુરાણો અને મહાભારત રચ્યા પણ તેમને સંતોષ ન હતો. નારજીએ તેમને ભક્તિનું પ્રતિપાદન કરનાર ગ્રંથની રચના કરવા કહ્યું. આથી સૌથી શ્રેષ્ઠ શ્રી ભાગવત છેલ્લે રચાયું. ત્યાર પછી તેમનો અજંપો દૂર થયો. ખિન્નતા મટી ગઈ.

આપણે જાણીએ છીએ કે કોઈ અગાઉ ગમે તે કહે પણ છેવટે જે કહે તેને જ આપણે ગણીએ છીએ. આમ શ્રી ભાગવત અને તેમાં રહેલ ભક્તિનો ઉપદેશ સર્વોત્કૃષ્ટ છે.